# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

### ચોથું સત્ર

## ગુરુવાર, ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪

----

**જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓ:** [ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ - નાણા - મીઠા ઉદ્યોગ - છાપકામ અને લેખનસામગ્રી - પ્રોટોકોલ - સહકાર - અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો જળસંપત્તિ અને પાણી પુરવઠા ].

**કુલ પ્રશ્નો 57**

----

### વીજ કરંટથી નાગરિકો અને પશુ મૃત્યુ તથા ખેડૂતોને પાક નુકશાની માટે સહાય

15/4/1679 *1 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વીજ કરંટથી નાગરિકો અને પશુ મૃત્યુ પામે, નાગરિકોના શરીરના અંગ ગુમાવતા કાયમી ખોડખાપણ રહેવા અને ખેડૂતોને પાક નુકશાની માટે કેટલી સહાય ચુકવવામાં આવે છે,

(૨) ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે, અને

(૩) ઉક્ત સહાયના દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ?

----

### વીજળી ખરીદી કર્યા વગર ફિક્સ કોસ્ટ પેટે રકમ ચુકવવા બાબત

15/4/1676 *2 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ફિક્સ કોસ્ટ પેટે કેટલી વીજ કંપનીને સરકારે કેટલી રકમ ચુકવી,

(૨) ઉક્ત ચુકવેલ રકમ પૈકી કેટલી રકમ વીજળી ખરીદી કર્યા વગર કઈ વીજ કંપનીને ચુકવી, અને

(૩) વીજળી ખરીદી કર્યા વગર ફિક્સ કોસ્ટ પેટે રકમ ચુકવવાના કારણો શા છે ?

----

## નવસારી અને સુરત જિલ્લામાં ખોટા રેશનકાર્ડ રદ કરવા બાબત

15/4/1694 *3 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નવસારી અને સુરત શહેર/જિલ્લામાં ગરીબોને એન.એફ.એસ.એ.ના રેશનકાર્ડ હેઠળ અનાજ પુરૂ પાડવા ખોટા રેશનકાર્ડ બનાવેલ તે રદ કરવા અંગેની કેટલી ફરીયાદો મળી,

(૨) મળેલ ફરીયાદો અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત વર્ષવાર આવા કેટલા ખોટા/નકલી રેશનકાર્ડ રદ કરવામાં આવ્યા ?

----

## અબડાસા તાલુકામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ

15/4/1181 *4 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અબડાસા તાલુકામાં સામાન્ય યોજના હેઠળ નવા કૃષિ વિષયક વીજ જોડાણ માટે કેટલી અરજીઓ આવી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી,

(૩) કેટલી અરજીઓ નામંજૂર કરવામાં આવી, અને

(૪) ઉક્ત અરજીઓ નામંંજૂર કરવાના મુખ્ય કારણો શા છે ?

----

## ખાનગી વીજ કંપનીઓ સાથે વીજ ખરીદીના કરારો

15/4/1658 *5 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદીના કરારો થયેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કરાર મુજબ કેટલી ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી,

(૩) ઉક્ત વર્ષવાર ખરીદવામાં આવેલ વીજળી, કરાર કરતાં ઉંચા દરે ખરીદવામાં આવેલ હોય તો કેટલી વીજ કંપની પાસેથી કરાર કરતાં કેટલા ઉંચા દરે ઉક્ત વર્ષવાર કેટલી વીજળી ખરીદી, અને

(૪) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી કંપનીને કુલ કેટલી રકમ ચુકવેલ છે ?

----

**જામજોધપુર અને લાલપુર તાલુકામાં નલ સે જલ યોજના**

15/4/1701 *6 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં "નલ સે જલ" કાર્યક્રમ હેઠળ ગામની આંતરિક પેયજળ યોજનાઓ અન્વયે જામનગર જિલ્લાના જામજોધપુર અને લાલપુર તાલુકામાં કુલ કેટલી યોજનાઓ મંજુર કરવામાં આવી?

----

**વલસાડ જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ**

15/4/1061 *7 **શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ (ધરમપુર):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કેટલા પ્રમાણ-શા ભાવથી વિતરણ કરવામાં આવ્યું ?

----

**રાજુલાની ધાતરવડી-૨ સિંચાઇ યોજના**

15/4/869 *8 **શ્રી હિરાભાઈ ઓધવજીભાઈ સોલંકી (રાજુલા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજુલાના ધાતરવડી-૨ સિંચાઇ યોજના હેઠળ ખેડૂતોને પિયત માટે પાણી આપવામાં આવે છે કે કેમ,

(૨) જો ના, તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખેડૂતોને પિયત માટે પાણી આપવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરેલ છે ?

----

**ખાનગી વીજ કંપનીઓ સાથે વીજ ખરીદીના કરારો**

15/4/1667 *9 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદીના કરારો થયેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કરાર મુજબ કેટલી ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી,

(૩) ઉક્ત વર્ષવાર ખરીદવામાં આવેલ વીજળી, કરાર કરતાં ઉંચા દરે ખરીદવામાં આવેલ હોય તો કેટલી વીજ કંપની પાસેથી કરાર કરતાં કેટલા ઉંચા દરે ઉક્ત વર્ષવાર કેટલી વીજળી ખરીદી, અને

(૪) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી કંપનીને કુલ કેટલી રકમ ચુકવેલ છે ?

----

**બનાસકાંઠા જિલ્લામાં પી.એમ. કુસુમ (કોમ્પોનન્ટ-B) યોજના**

15/4/1029 *10 **શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર (પાલનપુર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પી.એમ. કુસુમ (કોમ્પોનન્ટ-B) યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂત લાભાર્થીઓને ઓફ ગ્રીડ સોલાર વોટર પંપ

આપવામાં આવ્યા, અને

(૨) ઉપરોક્ત ખેડૂત લાભાર્થીઓને કેટલી સબસીડી આપવામાં આવી ?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં નવા ચેકડેમ

15/4/1069 *11 **શ્રી પ્રકાશભાઈ પરસોતમભાઈ વરમોરા (ધ્રાંગધ્રા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ૩૦/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા નવા ચેકડેમ બનાવવામાં આવ્યા,

(૨) આ ચેકડેમો પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે, અને

(૩) કેટલા નવા ચેકડેમનું બાંધકામ હાલ પ્રગતિ હેઠળ છે ?

----

## ભાદર-૨ સિંચાઇ યોજનાની માઇનોર કેનાલો

15/4/1070 *12 **શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા (રાજકોટ દક્ષિણ):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાદર-૨ સિંચાઇ યોજનામાં કેટલી માઇનોર કેનાલો પાકી કરવાની કામગીરી બાકી રહેલ છે, અને

(૨) તેની પાછળ અંદાજીત કેટલો ખર્ચ થનાર છે ?

----

## વીજ મથકોમાં કોલસા અને ગેસના જથ્થાની જરૂરીયાત

15/4/1403 *13 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર સંચાલિત વીજ મથકોમાં વર્ષવાર કોલસા અને ગેસના કેટલા જથ્થાની જરૂરીયાત હતી,

(૨) ઉક્ત સ્થિતિએ આ જરૂરીયાત પૈકી કેન્દ્ર સરકાર સમક્ષ કોલસા અને ગેસના જથ્થાની વર્ષવાર કેટલી માંગણી કે દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો કોલસો અને ગેસ પુરો પાડવામાં આવ્યો ?

----

## દાંતા-અમીરગઢ તાલુકામાં પીવાનું શુદ્ધ પાણી માટેની યોજના

15/4/1555 *14 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાંતા અને અમીરગઢ તાલુકામાં ગ્રામ્ય કક્ષાએ પીવાનું શુદ્ધ પાણી પહોંચાડવા માટે કોઇ યોજના કાર્યરત છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કઈ જુથ પાણી પુરવઠા યોજના હેઠળ કેટલા ગામોને આવરી લીધેલ છે, અને

(૩) તે અન્વયે બાકી રહેલ ગામોને ક્યાં સુધીમાં આવરી લેવામાં આવશે ?

----

## વીજ કરંટથી નાગરિકો અને પશુ મૃત્યુ તથા ખેડૂતોને પાક નુકશાની માટે સહાય

15/4/1664 *15 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વીજ કરંટથી નાગરિકો અને પશુ મૃત્યુ પામે, નાગરિકોના શરીરના અંગ ગુમાવતા કાયમી ખોડખાપણ રહેવા અને ખેડૂતોને પાક નુકશાની માટે કેટલી સહાય ચુકવવામાં આવે છે,

(૨) ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે, અને

(૩) ઉક્ત સહાયના દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવેલ છે ?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નલ સે જલ યોજના

15/4/819 *16 **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં નલ સે જલ યોજના અંતર્ગત કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ કેટલા ગામોને લાભ મળ્યો અને કેટલા ગામો બાકી છે, અને

(૩) ઉક્ત બાકી ગામોમાં ક્યાં સુધીમાં ઉક્ત યોજના હેઠળ લાભ આપવાનું આયોજન છે ?

----

## અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા વ્યાપારી એકમો સામે કાર્યવાહી

15/4/1062 *17 **શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં તોલમાપ તંત્ર દ્વારા પેકેટ ઉપર છાપેલી કિંમત કરતા વધારે કિંમત વસુલ કરવા બાબતે કેટલા વ્યાપારી એકમો સામે કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) તે પેટે કેટલો દંડ વસુલવામાં આવ્યો ?

----

## બનાસકાંઠા જિલ્લામાં પાતાળકુવા

15/4/1080 *18 **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પાણી પુરવઠા પ્રભાગ દ્વારા કેટલા પાતાળકુવા કરવામાં આવ્યા, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સફળ થયેલ કેટલા પાતાળકુવામાંથી પાણી પુરવઠો ચાલુ કરવામાં આવ્યો ?

----

## ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

15/4/1685 *19 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું

પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## ખાનગી વીજ કંપનીઓ સાથે વીજ ખરીદીના કરારો

15/4/1662 *20 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા ખાનગી વીજ કંપનીઓ પાસેથી વીજ ખરીદીના કરારો થયેલ છે, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારે કરાર મુજબ કેટલી ખાનગી કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી,

(૩) ઉક્ત સ્થિતિએ વીજળી ખરીદી ન હોય અને કરાર મુજબ કોઈ વીજ કંપનીને ફિક્સ કોસ્ટ પેટે રકમ ચુકવેલ હોય તો કઈ કંપનીને કેટલી રકમ ચુકવેલ છે ?

----

## ઉપલેટા તાલુકાની વેણુ-૨ ભાગ-૧ ગૃપ સુધારણા પાણી પુરવઠા યોજના

15/4/1076 *21 **ડૉ. મહેન્દ્રભાઈ પાડલિયા (ધોરાજી):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાની વેણુ-૨ ભાગ-૧ ગૃપ સુધારણા પાણી પુરવઠા યોજના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે ?

----

## જુનાગઢ જિલ્લાના માણાવદર, મેંદરડા અને વંથલી તાલુકામાં ચેકડેમ, તળાવો અને જળાશયો

15/4/1682 *22 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જુનાગઢ જિલ્લાના માણાવદર, મેંદરડા અને વંથલી તાલુકામાં તાલુકાવાર કેટલા નાના, મધ્યમ અને મોટા ચેકડેમ, તળાવો અને જળાશયો આવેલા છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી ક્યા ચેકડેમ, તળાવો અને જળાશયોમાં કેટલા સમયથી કાંપ ભરાયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર, ઉક્ત તાલુકાવાર કેટલા ચેકડેમ, તળાવો અને જળાશયોમાંથી કેટલો કાંપ કાઢવામાં આવ્યો, અને

(૪) બાકી કાંપ ક્યાં સુધીમાં કાઢવામાં આવશે ?

----

## અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

15/4/1675 *23 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## નર્મદા જિલ્લામાં પી.એમ. કુસુમ (કોમ્પોનન્ટ-B) યોજના

15/4/1051 *24 **ડૉ.દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પી.એમ. કુસુમ (કોમ્પોનન્ટ-B) યોજના હેઠળ નર્મદા જિલ્લામાં કેટલા ખેડૂત લાભાર્થીઓને ઓફ ગ્રીડ સોલાર વોટર પંપ આપવામાં આવ્યા, અને

(૨) ઉપરોક્ત ખેડૂત લાભાર્થીઓને કેટલી સબસીડી આપવામાં આવી ?

----

## ગીર સોમનાથ જિલ્લામાં પી.એમ. કુસુમ (કોમ્પોનન્ટ-B) યોજના

15/4/1023 *25 **શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ (ઉના ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**
માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પી.એમ. કુસુમ (કોમ્પોનન્ટ-B) યોજના હેઠળ ગીર સોમનાથ જિલ્લામાં કેટલા ખેડૂત લાભાર્થીઓને ઓફ ગ્રીડ સોલાર વોટર પંપ આપવામાં આવ્યા, અને

(૨) ઉપરોક્ત ખેડૂત લાભાર્થીઓને કેટલી સબસીડી આપવામાં આવી ?

----

## બનાસકાંઠા જિલ્લાની થરાદ-સીપુ પાઈપલાઈન યોજના

15/4/1065 *26 **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**
માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની થરાદ-સીપુ પાઈપલાઈન યોજના ક્યા તબક્કે છે. અને

(૨) ઉક્ત યોજનાથી શું લાભ થશે ?

----

## કચ્છ જિલ્લાને ફાળવેલ નર્મદાના વધારાના પાણી બાબત

15/4/1066 *27 **શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**
માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાને ફાળવેલ નર્મદાના વધારાના ૧ મીલીયન એકર ફૂટ પાણી અંતર્ગત તબક્કા-૨ના કામો હાથ ધરવાનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામો ક્યા તબક્કે છે, અને

(૩) આ કામોથી અંદાજીત કેટલો ખર્ચ થશે ?

----

## રાજ્યમાં વિદ્યુત મથકો

15/4/1688 *28 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી અને ખાનગી કેટલા વિદ્યુત મથકો આવેલા છે,

(૨) ઉક્ત વિદ્યુત મથકોવાર કેટલા મેગાવોટ વિદ્યુત ઉત્પાદન કરવાની ક્ષમતા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ આ વિદ્યુત મથકોએ છેલ્લા બે વર્ષમાં કેટલું વીજળીનું ઉત્પાદન કર્યું ?

----

**કચ્છ જિલ્લામાં પી.એમ. કુસુમ (કોમ્પોનન્ટ-B) યોજના**

15/4/1052 *29 **શ્રી ત્રિકમ બિજલ છાંગા (અંજાર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પી.એમ. કુસુમ (કોમ્પોનન્ટ-B) યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કેટલા ખેડૂત લાભાર્થીઓને ઓફ ગ્રીડ સોલાર વોટર પંપ આપવામાં આવ્યા, અને

(૨) ઉપરોક્ત ખેડૂત લાભાર્થીઓને કેટલી સબસીડી આપવામાં આવી ?

----

**મહીસાગર અને સુરત જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

15/4/1691 *30 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને સુરત જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

**અમદાવાદ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ વીજ જોડાણો**

15/4/1014 *31 **શ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ (સાબરમતી):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કુટીર જ્યોતિ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને ઘરવપરાશ માટે વીજ જોડાણો આપવામાં આવ્યા,અને
(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

----

**દાંતીવાડા તાલુકાના હડમતીયા ડેમમાંથી રેતી/કાંપ કાઢવા બાબત**

15/4/941 *32 **શ્રી માવજીભાઈ મગનભાઈ દેસાઇ (ધાનેરા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના દાંતીવાડા તાલુકામાં આવેલ હડમતીયા ડેમમાં રેતી તેમજ કાંપ(માટી)નો ભરાવો થવાથી ઉક્ત ડેમમાં પાણીના સંગ્રહ ક્ષમતામાં ઘટાડો થયેલ છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત ડેમમાં રહેલ કાંપ કાઢવા સરકાર દ્વારા કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને

(૩) જો હા, તો ક્યાં સુધીમાં માટી/કાંપ બહાર કાઢવામાં આવશે?

----

**મચ્છુ અને ડેમી ડેમની કેનાલ**

15/4/1068 *33 **શ્રી કાંતીલાલ શીવલાલ અમૃતિયા (મોરબી):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મચ્છુ અને ડેમી ડેમની કેનાલ અને સ્ટ્રક્ચરોની હાલત જર્જરીત છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેના સમારકામ માટે સરકારે કોઇ આયોજન કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ થયેલ છે ?

----

## નવસારી જિલ્લામાં લીમઝર લીફ્ટ ઈરીગેશન પાઈપલાઈન

15/4/1073 *34 **શ્રી આર.સી.પટેલ (જલાલપોર):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં લીમઝર લીફ્ટ ઈરીગેશન પાઈપલાઈન યોજનાની કામગીરી ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજનાના ખર્ચની અંદાજીત રકમ કેટલી છે અને આ યોજના ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) આ યોજનાથી આદિવાસી વિસ્તારના ક્યા તાલુકાના કેટલા ગામોના કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળનાર છે ?

----

## અરવલ્લી જિલ્લાની હાથમતી જળાશય આધારીત ઉદ્વહન સિંચાઈ યોજના

15/4/1074 *35 **શ્રી પી.સી. બરંડા (ભીલોડા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લાની હાથમતી જળાશય આધારીત ઉદ્વહન સિંચાઈ યોજનાથી તાલુકાવાર કેટલા તળાવો ભરવાનું આયોજન છે,

(૨) ઉક્ત સ્થિતિએ તેના થકી કેટલા હેક્ટર વિસ્તારમાં લાભ થશે,

(૩) ઉક્ત સ્થિતિએ યોજનાની કામગીરી ક્યા તબક્કે છે, તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ કેટલો ખર્ચ થવાનો અંદાજ છે ?

----

## સુરત જિલ્લામાં વેર-૨ જળાશય યોજના

15/4/1072 *36 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા (સુરત(પુર્વ)):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં વેર-૨ જળાશય યોજનાના નહેર સુધારણાના કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા છે,

(૨) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે, અને

(૩) આ કામો થવાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે ?

----

## ગીર સોમનાથ જિલ્લામાં આટ્રી બંધારાથી મૂળ દ્વારકા ટીઆર સુધીની વિસ્તરણ નહેર બાબત

15/4/1067 *37 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં આટ્રી બંધારાથી મૂળ દ્વારકા ટીઆર સુધીની વિસ્તરણ નહેર બનાવવાનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો તે ક્યા તબક્કે છે, અને

(૩) તેની પાછળ કેટલો ખર્ચ થનાર છે ?

----

## વાગરા તાલુકામાં નલ સે જલ યોજના

15/4/557 *38 **શ્રી અરૂણસિંહ અજીતસિંહ રણા (વાગરા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વાગરા તાલુકાના કેટલા ગામોમાં નલ સે જલ યોજનાના કામો પૂર્ણ થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા ગામોમાં કામો બાકી છે, અને

(૩) ઉક્ત કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

----

## આમોદ વિસ્તારમાં ઢાઢર નદી પર આડબંધ બાબત

15/4/610 *39 **શ્રી ડી.કે.સ્વામી (જંબુસર):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આમોદ તાલુકામાં ઢાઢર નદી પરનો આડબંધ જર્જરીત અવસ્થામાં છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત આડબંધને રીપેર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ

ધરવામાં આવેલ છે ?

----

## મહીસાગર જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ

15/4/1060 *40 **શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહાણ (બાલાસિનોર):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ હેઠળ મહીસાગર જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કેટલા પ્રમાણથી વિતરણ કરવામાં આવ્યું ?

----

## પોરબંદર અને રાજકોટ જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

15/4/1681 *41 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પોરબંદર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## ખાનગી વીજ કંપની પાસેથી વીજ ખરીદી

15/4/1677 *42 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી ખાનગી વીજ કંપની પાસેથી શા ભાવે કેટલી વીજળી ખરીદી, અને

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર કેટલી ખાનગી વીજ કંપનીને કેટલી રકમ ચુકવવામાં આવી ?

----

**નવસારી અને વલસાડ જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

15/4/1695 *43 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

**અબડાસા તાલુકામાં નર્મદાનું સિંચાઈ માટે પાણી આપવા**

15/4/1353 *44 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોડકુબા નર્મદા કેનાલથી એક્ષટેશન કરીને અબડાસા તાલુકામાં નર્મદાનું સિંચાઈ માટે પાણી આપવા માટે કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો તે કામગીરી ક્યા તબક્કે છે,

(૩) લખપત અને અબડાસા તાલુકાનાં કેટલા ગામોને ઉક્ત સિંચાઈથી લાભ થશે, અને

(૪) તેની પાછળ કેટલા ખર્ચનો અંદાજ છે ?

----

**બનાસકાંઠા અને આણંદ જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત**

15/4/1660 *45 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત ખેડૂતોને દિવસે વીજળી આપવા બાબત

15/4/1705 *46 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામજોધપુર):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજળી આપવામાં આવે છે, અને

(૨) ઉક્ત બન્ને જિલ્લામાં બાકી રહેતા ગામોમાં ક્યાં સુધીમાં ઉક્ત યોજના હેઠળ વીજળી આપવાનું આયોજન છે ?

----

## પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

15/4/1669 *47 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ અને સુરેન્દ્રનગર જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## રાજ્યમાં પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. અને પી.એન.જી. પર વેરો

15/4/1404 *48 **શ્રી ઈમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**નાણા :-**

માનનીય નાણાં મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. અને પી.એન.જી. ઉપર કેટલા દરે વેરો વસુલવામાં આવે છે, અને

(૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પેટ્રોલ, ડીઝલ, સી.એન.જી. અને પી.એન.જી.ના વેરા પેટે સરકારને કેટલી આવક થઈ ?

----

## દાંતા અને અમીરગઢ તાલુકામાં ખાદ્યાન્ન અને ખાદ્યતેલ અંગેના દરોડા

15/4/1556 *49 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ગેરકાયદેસર રીતે સંગ્રહ કરેલ ખાદ્યાન્ન તથા ખાદ્યતેલ અંગે કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તે અન્વયે તે પકડાયેલ જથ્થાની કુલ કિંમત કેટલી હતી, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉપરોક્ત બાબતે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી ?

----

## મહેસાણા અને આણંદ જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

15/4/1666 *50 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહેસાણા અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે,

અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

15/4/1663 *51 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## જુનાગઢ અને અમરેલી જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

15/4/1683 *52 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જુનાગઢ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## વીજ મથકોમાં કોલસા અને ગેસના જથ્થાની જરૂરીયાત

15/4/1690 *53 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર સંચાલિત વીજ મથકોમાં કોલસા અને ગેસના કેટલા જથ્થાની જરૂરીયાત હતી,

(૨) ઉક્ત સ્થિતિએ આ જરૂરીયાત પૈકી કેન્દ્ર સરકાર સમક્ષ કોલસા અને ગેસના જથ્થાની વર્ષવાર કેટલી માંગણી કે દરખાસ્ત રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી, અને

(૩) તે પૈકી કેન્દ્ર સરકાર દ્વારા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલો કોલસો અને ગેસ પુરો પાડવામાં આવ્યો ?

----

## અમદાવાદ જિલ્લામાં ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બીલમાં સબસીડી

15/4/1016 *54 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ :-**

માનનીય ઊર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાના ખેતીવાડી વીજગ્રાહકોને વીજ બિલમાં સબસીડી આપવામાં આવેલ છે કે કેમ, અને
(૨) જો હા, તો કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને કુલ કેટલી સબસીડી આપવામાં આવેલ છે ?

----

## અમદાવાદ અને વડોદરા જિલ્લામાં અનાજનો જથ્થો સગેવગે કરવા બાબત

15/4/1678 *55 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષાને લગતી બાબતો :-**

માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર સસ્તા અનાજની દુકાનેથી વિતરણ કરવાનો ક્યા પ્રકારનો કેટલી રકમનો કેટલો અનાજનો જથ્થો બારોબાર વેચાણ કે ગેરકાયદે સગેવગે કરી દેવામાં આવ્યો હોવાનું પકડવામાં આવ્યું,

(૨) ઉક્ત સસ્તા અનાજનો જથ્થો બારોબાર વેચાણ કરવામાં કેટલા ઈસમો સંડોવાયેલા છે, અને

(૩) તેની સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

----

## નખત્રાણા તાલુકાની વરમસેડા કોમ્પ્લેક્ષ જુથ સુધારણા યોજના

15/4/1077 *56 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નખત્રાણા તાલુકાની વરમસેડા કોમ્પ્લેક્ષ જુથ સુધારણા પાણી પુરવઠા યોજના ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ યોજના હેઠળ કેટલા ગામોને આવરી લેવામાં આવેલ છે, અને

(૩) આ કામગીરી ક્યારે પૂર્ણ કરવામાં આવશે ?

----

## જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં આવેલી કાચી કેનાલોને પાકી કરવા બાબત

15/4/1717 *57 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર):**

**જળસંપત્તિ અને પાણી પુરવઠા :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૨૭/0૨/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૧૦ (અગ્રતા-૪૦)ના અનુસંધાને માનનીય જળસંપતિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર જિલ્લાના લાલપુર તાલુકામાં આવેલા ડેમોની સિંચાઈની કાચી કેનાલો ને પાકી કરવાનું રજૂઆત મળ્યેથી વિગતવાર તાંત્રિક ચકાસણી કરીને આગળની કામગીરી હાથ ધરવાનું આયોજન હતું, તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત બાબતે ઉક્ત સ્થિતિએ શી કામગીરી કરવામાં આવી ?

----